# અઢાર પાસ



"**આ** તો લૉટરી લાગી ગઈ, લા!" મુકલાને પોતાને ભરોસો નહોતો બેસતો.

બિચારો મુકેશ મંકોડી શરીરે મંકોડીથીયે વિચિત્ર આકારનો છે. લાંબા સડી ગયેલા ભીંડા જેવા નાક ઉપર જાડા સાડા ચાર પાવરનાં ચશ્માં પહેરે છે. એના બેસી ગયેલા ગાલના ખાડામાં ઊગી ઊગીને ફૂટી ગયેલા ખીલના ડાઘને કારણ ગાલની સપાટી ચંદ્ર, મંગળ કે શુક્ર જેવા ગ્રહો જેવી છે. બિચારાની લવ-લાઇફ પણ ઉજ્જડ છે. એમાં એક એરંડા સમાન છોકરી પણ દૂર-દૂર સુધી દેખાય એવા ચાન્સ નથી.

તો મુકલાને લૉટરી ક્યાંથી લાગી?

વાત એમ છે કે મુકલો કૉલેજમાં સેકન્ડ યરમાં છે, પણ પોતાની ફીનો ખર્ચો કાઢવા માટે એક ઑનલાઇન શૉપિંગ કંપનીમાં ડિલિવરી બૉય તરીકે પાર્ટ-ટાઇમ જૉબ કરે છે. કંપની એને એના ખખડી ગયેલા ખટારા જેવા સ્કૂટરમાં પૂરવા માટે માત્ર 1500નું પેટ્રોલ-એલાઉન્સ આપે છે (જેના ભાવમાં 5 રૂપિયા 27 પૈસાનો અણધાર્યો ઘટાડો થયો ત્યારે મુકલાને ખુશીના ઍટેકથી આખી રાત ઊંઘ નહોતી આવી).

તો શું, મુકલાને લૉટરીમાં આખું પેટ્રોલથી ભરેલું ટૅન્કર મળી ગયું? ના. એની પાસે સિટીની બેસ્ટ ક્લબના, બેસ્ટ ગરબાના, રવિવારની નાઇટના... ટોટલ 18 પાસ આવી ગયા હતા!

શી રીતે? તો વાત એમ બની કે મુકલાની ઑનલાઇન શૉપિંગ કંપનીએ સન્ડે નાઇટના ભવ્ય ગરબાની ઇવેન્ટ સ્પૉન્સર કરી હતી. બિચારા મુકલાની એક્સ્ટ્રા ડ્યૂટી લાગી હતી. પાસિસ ડિલિવર કરવાની!

મૅનેજરે પેટ્રોલ એલાઉન્સમાં 300 રૂપિયા વધારી આપવાનું પ્રૉમિસ આપ્યું હતું. મુકલાના ઠાઠિયા સ્કૂટરની મર્સિડીઝ જેવી ઍવરેજને કારણે એનું તો 450નું પેટ્રોલ બળી જવાનું હતું પણ મોગેમ્બોથી કદરૂપો દેખાતો મૅનેજર એને નોકરીમાંથી કાઢી ના મૂકે એની બીકે મુકલાએ હા પાડવી પડી હતી.

પાસિસ વહેંચતા થયું એવું કે અલગ અલગ નવ બંગલે તાળું નીકળ્યું! ટૂંકમાં નવ દુની અઢાર પાસ 'અન-ડિલિવર્ડ' હતા!

મુકલો અઢારેઅઢાર પાસ એના બૉસને પાછા જ આપવાનો હતો ત્યાં એની જોડે નોકરી કરતો બારમું ફેલ બકો બોલી ઊઠ્યો. "મુકલા, મારાં તો નસીબ ખરાબ છે કે મું કૉલેજમાં નહીં ભણતો, બાકી અઢાર પાસ હોય તો મું સત્તર છોકરીઓને લઈને ગરબામોં જઉં!"

બસ, ત્યારે જ મુકલાને ભાન થયું કે "આ તો લૉટરી લાગી ગઈ લા!"

પણ 17 છોકરીઓ? એ પણ પોતાની કૉલેજની? બબ્બે વરસથી પોતે જે કૉલેજમાં જાય છે એમાંની એકેય છોકરીએ એની સામું પણ નથી જોયું એવી 'બ્યૂટીઓ'માંથી સત્તર શું, સાત પણ આવે તો ઘણું!

છતાં મુકલાએ હિંમત ના હારી. કૉલેજના કૉરિડૉરમાં ઊભા રહીને જે છોકરી ત્યાંથી પાસ થતી હોય તેને "એ-એસ્ક્યુઝ મી..." કહીને બોલાવવાની ટ્રાય કરી.

15 મિનિટની રિસેસમાં 37 છોકરીઓ પસાર થઈ, પણ એકેય છોકરીએ તેની સામે સેકન્ડના 37મા ભાગ માટે પણ મુકલા સામું જોયું નહિ.

હવે? હતાશ થયેલો મુકલો કેન્ટીનમાં ગયો. એક અડધી 'બાકી'માં લખાવીને એ ટેબલ પર બેઠો. ખિસ્સામાંથી પેલા ચળકતા લિસ્સા કાગળવાળા પાસ ટેબલ પર પત્તાની બાજીની માફક ગોઠવીને નિસાસા નાખતો હતો ત્યાં અચાનક કૉલેજની એક 'બ્યૂટી' નિહારિકાનો મિઠ્ઠો ટહુકો બરોબર એના ખભાની પાછળ સંભળાયો :

"હાઆઆય! તું તો મારા જ ક્લાસમાં છેને?"

"હેં? હા..." કરતો મુકલો કંઈ જવાબ આપે એ પહેલાં તો નિહારિકા તેના ખભે ધબ્બો મારીને તેના શરીરની અડોઅડ બેસી ગઈ!

ટેબલ પર પડેલા પાસિસને જોઈને બોલી "વા...આઆઉ! કઈ ક્લબના પાસ છે? ઓ માય ગૉડ! સન્ડેના છે? કેટલા છે?"

"અ-અઢાર – અઢાર છે. એઇટીન ઑન્લી!" મુકલો હજી જવાબ આપી રહે ત્યાં પેલી એને ચોંટી પડી.

"તારે મને ચાર પાસ તો આપવા જ પડશે! ના... ના... કોઈ દલીલ કરવાની જ નથી! હું, હર્ષિતા, રોમેશ અને નૌતમ ચારેય જણા... જોડે તારે તો આવવાનું જ હોયને! અમે તને પિક-અપ કરી લઈશું! નૌતમની કારમાં! ઓકે? બોલ, તું ક્યાં હોઈશ, સન્ડેના? અને... સૉરી હો, તારું નામ... હું ભૂલી ગઈ..."

બિચારો આસમાનમાં ઊડી રહેલો મુકલો વિમાનના ટૉઇલેટમાંથી ફેંકાયેલા એંઠવાડની જેમ નીચે પછડાયો. મનમાં થયું, "સાલીને મારું નામ પણ ખબર નથી અને પાસ જોઈએ છે?"

ચિડાયેલા મુકલાએ ગળું ખોંખારીને ના પાડી દીધી. “એમાં શું છે કે પાસ તો છે. એક્સ્ટ્રા બી છે, પણ હજી કન્ફર્મ નથી થયું.”

નિહારિકા તરત જ હસી પડી. “ઓકે? કન્ફર્મ થાય એટલે કહેજે હોં? અને આપણા પાંચ પાસ તો રાખવાના જ છે, ઓકે, ડિયર? જલસા કરીશું!”

નિહારિકા મુકલાના ગાલે હળવી કિસ કરીને પતંગિયાની જેમ ઊડતી ઊડતી જતી રહી. મુકલાને થયું... “યાર, ખોટી ના પાડી હોં! હજી પાસનું નામ પડ્યું છે, અને કિસ મળી છે તો આગળ શું-શું થશે?”

મુકલો બાકી રહેલી ચા પતાવવાને બદલે સપનામાં સરી પડ્યો. ચા એની મેળે ઠંડી પડી ગઈ.

મુકલો એના સપનામાં નિહારિકા જોડે ગરબા ગાતાં-ગાતાં અથડાઈને લીલીછમ લોન ઉપર સ્લો-મોશનમાં પડી જ રહ્યો હતો ત્યાં એનું સપનું તૂટી ગયું! એની આસપાસ અડધો ડઝન છોકરીઓ કલબલાટ કરતી ઊભી હતી!

“હાય મુકેશ! તું તો મારો બેસ્ટ ફ્રેન્ડ છેને!” એક છોકરી પોતાની જાળ નાખે તે પહેલાં બીજીએ લંગસિયું નાખ્યું :

“જા જા! મુકેશ તો મારા ક્લાસમાં મારી આગલી બેન્ચ પર જ બેસે છે!”

ત્રીજીએ એમાં ફાચર મારી “બેસ બેસ, આ વખતે મુકેશ એક જ એવો છોકરો હતો જેને મેં રાખડી નહોતી બાંધી! હેં ને, મુકુ?”

ચોથી છોકરી ફાચરમાં ટાંગ અડાડે એ પહેલાં કૉલેજના ચાર સૌથી હૅન્ડસમ છોકરાઓ તેની પીઠ પર ધબ્બો મારીને આજુબાજુમાં બેસી ગયાં.

“એય છોકરીઓ, આઘી ખસો! ધિસ ઇઝ બિટવીન ભઈબંધ ટુ ભઈબંધ! બૉલ મુકા, આપડી જોડે ફાવશેને! સાંભળ... બાટલી, બેબલી અને બૅન્ગ બૅન્ગ... ત્રણેય જલસા જોડે કરીશું, શું કહે છે!”

મુકલો હવે બઘવાઈ ગયો. સાલી લૉટરી તો ગજ્જબની લાગી ગઈ હોં!

એણે ઝડપથી અઢારેઅઢાર પાસ ભેગા કરીને ખિસ્સામાં ખોસી દીધા, પણ પછી શી ખબર, શું સૂઝ્યું કે એનાથી બોલાઈ ગયું : “એક પાસના 600 રૂપિયા થશે!”

અચાનક ત્યાં સન્નાટો છવાઈ ગયો.

■